**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૯/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'કર સમાધાન યોજના ૨૦૧૯' વિશે અવેરનેસ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ધી સુરત બ્રાન્ચ ઓફ ડબ્લ્યુઆઇઆરસી ઓફ આઇસીએઆઇ અને ધી સધર્ન ગુજરાત કોમર્શિયલ ટેક્ષ બાર એસોસિએશન, સુરતના સંયુકત ઉપક્રમે મંગળવારે, તા. ૧૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'કર સમાધાન યોજના ૨૦૧૯' વિશે અવેરનેસ સેશન યોજાયુ હતુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે એસજીએસટીના જોઇન્ટ કમિશનર શ્રી એ.બી. મહેતા ઉપસ્થિત રહયા હતા. સેશનમાં નિષ્ણાંત વકતા તરીકે એસજીએસટીના ડેપ્યુટી કમિશનર શ્રી એમ.ડી. પટેલ અને સુશ્રી એમ.ડી. દવે તેમજ આસિસ્ટન્ટ કમિશનર શ્રી જી.ડી. હિન્દોચાએ હેતલુક્ષી વકતવ્ય રજૂ કરી કર સમાધાન યોજના ૨૦૧૯ વિશે કરદાતાઓને મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

એસજીએસટીના જોઇન્ટ કમિશનર શ્રી એ.બી. મહેતાએ જણાવ્યુ હતુ કે, તા. ૬ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ નવી સ્કીમની જાહેરાત થઇ છે. છ પ્રકારના કાયદાઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાત વેચાણ વેરો કાયદો, મુલ્યવર્ધિત વેરા કાયદો (વેટ), મોટર સ્પીરીટ ટેક્ષેશન એકટ, પરચેઝ ટેક્ષ ઓન સુગર કેન, સેન્ટ્રલ સેસ ટેક્ષ અને એન્ટી ટેક્ષ એકટનો સમાવેશ થાય છે. આ છ કાયદા હેઠળ રૂપિયા ૧૦૦ કરોડ સુધીના માંગણાવાળા વેપારીઓને આ યોજનાનો લાભ મળી શકે છે. આકારણી, ફેરઆકારણી, રિવીઝન અને બાકી વસૂલાતવાળા વેપારીઓ આ યોજનાનો લાભ લઇ શકે છે. અન્વેષણ હેઠળ કેસ ચાલતા હોય તો પણ વેપારીઓ આ યોજનાનો લાભ લઇ શકશે. આ યોજનામાં નિયમિત વેપારી અને જે વેપારીના કેસમાં ટર્નઓવરમાં વધારો થયો હોય એવા વેપારીને લાભ મળવાપાત્ર છે. આ યોજનામાં વેરો, વ્યાજ અને દંડમાં રેમીશન કરવાની વાત છે.

ભરેલી આંશિક રકમને વેરાની સામે મજરે આપવામાં આવશે આ વધારાની વિશેષતા છે. આવી નાની નાની બાબતોનું ઘ્યાન રાખવામાં આવ્યુ છે. તા. ૩૦ જૂન ૨૦૧૭ સુધીના બધા જ વ્યવહારો માટે આ યોજનાનો લાભ મળશે.

એસજીએસટીના ડેપ્યુટી કમિશનર શ્રી એમ.ડી. પટેલે જણાવ્યુ હતુ કે, અગાઉ જે ઠરાવ રજૂ થયો હતો તે રદ કરીને સરકારે નવો ઠરાવ કર્યો છે. જૂના ઠરાવમાં કરવામાં આવેલી અરજીઓને નવા ઠરાવ મુજબ ઘ્યાનમાં લેવામાં આવશે. ટર્નઓવરમાં વધારો કર્યો હોય એવા અન્વેષણના કેસોમાં મુળ વેરાના ૧૨૦ ટકા ભરીને લાભ લઇ શકાશે. બાકી વ્યાજ અને દંડની રકમને માફ કરી દેવામાં આવશે. કલમ ૩૪ (૭) હેઠળ દંડના આદેશ થયા હોય એવા કેસોમાં પણ ૧૨૦ ટકા રકમ ભરવાની રહેશે તેમજ વ્યાજ અને દંડની રકમને માફ કરવામાં આવશે. જો કે, ભરવા પાત્ર વેરા કરતા વધારાની રકમ ભરેલી હશે તો તે રકમ રીફંડ મળશે નહી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, અપીલના કેસોમાં જુદા–જુદા મુદ્દાઓ હોય તો મળવાપાત્ર લાભ અમુક મુદ્દા ખેંચીને લઇ શકાય છે. સ્કીમનો લાભ લેવા માટે આગામી તા. ૧૦/૧/૨૦૨૦ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે. તા. ૨૮/૨/૨૦૨૦ સુધી ડિપાર્ટમેન્ટ રિસ્પોન્સ કરશે. જો ડિપાર્ટમેન્ટ રિસ્પોન્સ નહીં કરે તો કરદાતાઓએ ચકાસી લેવાનું રહેશે. કારણ કે તા. ૧૫/૩/૨૦૨૦ સુધીમાં પ્રથમ હપ્તો ભરવાપાત્ર રકમના ૧૦ ટકા અને ત્યારબાદ ૧૧ સરખા માસિક હપ્તેથી બાકીની ૯૦ ટકા રકમ દર માસના અંત સુધીમાં ભરવાની રહેશે. તા. ૩૦/૬/૨૦૧૭ સુધીના વ્યવહારો માટે આ સ્કીમનો લાભ લઇ શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, જો કરદાતાએ વેરો ભરવાની તારીખ ચૂકી જવાય તો આગામી મહિનાની ૨૦ તારીખ સુધીમાં વેરાની રકમના દોઢ ટકા વ્યાજ સાથે આખી રકમ ભરી દેવાની રહેશે. બીજા મહિને ૨૦ તારીખ સુધીમાં વેરો ભરવાનુ ચૂકાઇ જશે તો આ યોજનાનો લાભ મળી શકશે નહીં. આ સ્કીમ હેઠળ બાર હપ્તાની રકમ એકસાથે પણ ભરી શકાશે.

શ્રી પટેલે વધુમાં કહયુ હતુ કે, ફોર્મ રજૂ થયા હોય અને વેરીફાય નહીં થયા હોય તો એવા કેસોમાં ભરવાપાત્ર વેરાના ૫૦ ટકા રકમ ભર્યાથી બાકીની રકમ માફ કરવામાં આવશે. એ સિવાયના કેસોમાં વેરો ૫ ટકાથી ઓછો હોય તો એમાં પુરેપુરો વેરો ભરવાનો રહેશે. જયારે ૫ ટકાથી વધુ વેરો હોય તો એમાં ૫૦ ટકા રકમ વેરાની ભરવાની રહેશે અને બાકીનો વેરો માફ કરી દેવામાં આવશે. અપીલમાં પ્રી–ડિપોઝીટ કરેલી રકમને મજરે આપવાની રહેશે. વિભાગ દ્વારા અપીલના કેસોમાં આકારેલ વેરો ભર્યેથી થતી અપીલ વિભાગ દ્વારા પાછી ખેંચી લેવામાં આવશે. સરકારે ભાગેડુ જાહેર કરેલા વેપારીઓ તથા બોગસ બીલો આપવાનો ધંધો કરનારા વેપારીઓને આ યોજનાનો લાભ મળશે નહીં.

ડેપ્યુટી કમિશનર સુશ્રી એમ.ડી. દવેએ અંશતઃ અથવા સંપૂર્ણ અપીલ પરત ખેંચવા અંગે વેપારીઓને માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, તમામ ધારાકીય ફોર્મમાં એક જ મુદ્દો ગણવામાં આવશે. ધારાકીય ફોર્મનો મુદ્દો હોય તો કેન્દ્રીય કાયદાની અપીલ સંપૂર્ણપણે પાછી ખેંચવાની રહેશે. તેમણે અપીલ પેન્ડીગ હોય તો એવા વેપારીઓને વિભાગનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. તેમણે ફોર્મની સોફટ કોપી આપવાનો પણ વેપારીઓને અનુરોધ કર્યો હતો.

આસિસ્ટન્ટ કમિશનર શ્રી જી.ડી. હિન્દોચા દ્વારા વિભાગની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલા એફએકયૂનો રિવ્યુ લેવામાં આવ્યો હતો. વેપારીઓએ જરૂરી દસ્તાવેજો સાથે તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ સુધી પ્રિન્ટઆઉટ લઇને ઘટક કચેરીએ ઓફિસરની પાસે જવાનું રહેશે. સેન્ટ્રલ સેલ્સ ટેક્ષ હેઠળ અપીલમાં ફોર્મ્સની યાદી રજૂ કરવાની તારીખ પણ ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ રાખવામાં આવી છે. આ યોજના હેઠળ લિટીગેશનનો ગમે તે રીતે નિકાલ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

આ અવેરનેસ સેશનમાં ચેમ્બરની જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલા અને ધી સુરત બ્રાન્ચ ઓફ ડબ્લ્યુઆઇઆરસી ઓફ આઇસીએઆઇના ચેરમેન સીએ મિહીર ઠકકરે પ્રાસંગિક વિધી કરી હતી. અધિકારીશ્રીઓએ વેપારીઓ અને પ્રોફેશનલ્સના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ચેમ્બરની જીએસટી કમિટીના કો–ચેરમેન શ્રી રોહન દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.